# કમ્પ્લાયન્સ ઓડિટ કમિટી માટે સીટી અરજીઓ મંગાવે છે

બ્રેમ્પટન, ઓન્ટેરિયો (જૂન 3, 2022) – સીટી ઓફ બ્રેમ્પટન, સીટીની કમ્પ્લાયન્સ ઓડિટ કમિટીમાં સેવા આપવામાં રસ ધરાવતા નાગરિકો પાસેથી અરજીઓ મંગાવે છે.

*મ્યુનિસિપલ ઈલેક્શન્સ એક્ટ, 1996* હેઠળ, આ સમિતિ પાત્રતા ધરાવતા એ મતદારોની અરજીઓ ધ્યાનમાં લેશે જેઓ વ્યાજબી ધોરણે માનતા હોય, કે મ્યુનિસિપલ ચૂંટણીનો ઉમેદવાર અથવા નોંધાયેલા ત્રાહિત પક્ષના વિજ્ઞાપકે (થર્ડ પાર્ટી એડવર્ટાઈઝરે) ઝુંબેશમાં નાણાકીય બાબતોને સંબંધિત અધિનિયમની જોગવાઈનો ભંગ કર્યો હોય. આ સમિતિ લઘુતમ ત્રણ અને સાત જેટલા સભ્યોની બનેલી હશે. આ ઑફિસનો સમયગાળો કાઉન્સિલનો આગામી સમયગાળો નવેમ્બર 15, 2022, થી નવેમ્બર 14, 2026 સાથે સુસંગત રહેશે.

## અરજદારની પાત્રતા જરૂરિયાતો

અરજદારો બ્રેમ્પટનમાં રહેતા કે કામ કરતા વ્યવસાયિકો હોવા જોઈએ. વધુમાં, સીટી ઓફ બ્રેમ્પટન એવા અરજદારોને શોધી રહ્યું છે જેઓની પાર્શ્વભૂમિકા અને અનુભવ એકાઉન્ટિંગ, ઓડિટીંગ, પબ્લિક એડમિનિસ્ટ્રેશન (જાહેર વહીવટ) અને/અથવા કાયદાના ક્ષેત્રમાં હોય.

અરજદારોએ/અરજદારો:

- *મ્યુનિસિપલ ચૂંટણીઓના અધિનિયમની* ઝુંબેશને લગતા નાણાકીય ધિરાણ નિયમો સહિત, મ્યુનિસિપલ ચૂંટણીઓનું જ્ઞાન અને સમજ દેખાડ્યું હોવું જોઈએ.
- વિશ્લેષણાત્મક અને નિર્ણય લેવાની આવડતો સાબિત કરી હોવી જોઈએ
- કમિટીઓ, ટાસ્ક ફોર્સીસ કે સમાન પરિસ્થિતિઓમાં કામ કરવાનો અનુભવ ધરાવતા હોવા જોઈએ
- સાચકડી-ન્યાયાલય સંબંધિત કાર્યવાહીઓનું જ્ઞાન દર્શાવ્યું હોવું જોઈએ
- દિવસના સમયે અને સાંજના કલાકો દરમિયાન બેઠકોમાં હાજર રહેવા ઉપલબ્ધ અને તૈયાર હોવા જોઈએ
- ઉત્તમ મૌખિક અને લેખિત સંવાદ આવડતો ધરાવતા હોવા જોઈએ

## અરજી કરવા અયોગ્ય વ્યક્તિઓ

*મ્યુનિસિપલ ચૂંટણીઓના અધિનિયમ* અનુસાર, નીચે જણાવેલી વ્યક્તિઓ કમિટીમાં નિમણૂક પાત્ર ઠરતી નથી:

- સીટી ઓફ બ્રેમ્પટન અથવા શહેરના સ્કૂલ બોર્ડ્સના કર્મચારીઓ
- બ્રેમ્પટન સીટી કાઉન્સિલ કે સ્થાનિક બોર્ડ્સના સભ્યો
- ચૂંટણીમાં ઊભા રહેતા ઉમેદવારો જેઓ માટે કમિટી સ્થાપવામાં આવી હોય
- ચૂંટણીમાં મ્યુનિસિપાલિટીમાં નોંધાયેલા ત્રાહિત પક્ષો જેઓ માટે કમિટી સ્થાપવામાં આવી હોય

અરજીપત્રકો અને રિઝ્યુમ્સ સીટી ક્લાર્કની ઑફિસમાં સોમવાર, જૂન 13, 2022 નાં રોજ, બપોરે 4:30 વાગ્યા સુધીમાં રજૂ કરવા રહ્યાં.

એક સિલેક્શન કમિટી (પસંદગી સમિતિ) અરજદારોનો ઈન્ટરવ્યૂ લેશે અને સીટી કાઉન્સિલને નિમણૂકની ભલામણો કરશે. લાયકાત ધરાવતા અરજદારોનો વ્યક્તિગત ધોરણે સંપર્ક કરીને ઈન્ટરવ્યૂની તારીખ અને સમય નક્કી કરવામાં આવશે. સીટી કાઉન્સિલ ઓક્ટોબર 1, 2022 સુધીમાં નિમણૂકો કરશે.



The Corporation of The City of Brampton
2 Wellington Street West, Brampton, ON L6Y 4R2 311 TTY: 905.874.2130

મીડિયા સંપર્ક (MEDIA CONTACT)
સીટી ઑફ બ્રેમ્પટન મલ્ટીકલ્ચરલ મીડિયા
multiculturalmedia@brampton.ca